ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*તમારાં વીજ-બીલ ભરવાના ઠેકો લેશું!*
*જેવી હોય તેવી ખેતી, પાકને ટેકો દે શું!*
*છેકો દેશું બેન્ક-લોન વ્યાજનાં ખાતાં પર -*
*કાયદાના કોડા સામે રક્ષના ઢેકો દે શું?*
*(પણ ‘મત’ અમને જ આપજો !!)*

હાઈકુ

*રાખજો મત*
*તમારો, અનામત -*
*અમારા માટે...*

*ફેલાવે ગંધ,*
*દુરાચાર સંહિતા -*
*લોભ-લાલચે*

### ચિંતન

**મન પંખી બીન પંખકા, લખ જોજન ઉડ જાય,**
**મન ભાવે તાકો મિલે, ઘટ મેં આન સમાય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ ચે.

કબીર મનના મહાત્મ્ય અને મન-વશીકરણ વિષે વાત કરતાં કહે છે કે - મનની શક્તિ અપાર અને ઘણી આશ્ચર્યજનક છે. મન પાંખ વગરનું પંખી છે. ક્ષમમાત્રમાં તે લાખો માઈલ દૂર પહોંચી જાય છે અને પળવારમાં તો પોતાને ઠેકાણે આવી જાય છે. તેને કોઈ સીમાના બંધન નથી. આવું અજબ શક્તિશાળી હથિયારરૂપી મન આપણી પાસે છે. ખુશ થવા જેવી વાત છે. પણ સવાલ એ જ છે કે તે આપણા કહ્યાં પ્રમાણે ઊડે તો તે લાભકારી છે. પણ નહીં તો ઊલ્ટું આપણાં વિનશનું કારણ બની શકે છે.

હથિયાર જેમ વધારે તીવ્ર તેમ વધારે ભયંકર ગણાય. તેનો ઉપયોગ યોગ્ય રીતે અને યોગ્ય જગ્યાએ થાય તો જ વાપરનારને એનો લાભ મળે છે. આવા પ્રબળ હથિયારના હરઇએ આપણને માલિક બનાવ્યા છે તો તે હથિયાર એટલે મનની ઈચ્છા શક્તિને વશ રાખવાનો ભગીરથ પ્રયત્ન કરવો એ જ માણસનું લક્ષ્યબિંદુ પ્રથમ કર્તવ્ય છે.

### સુવિચાર

- જાણી લીધું કે જિંદગી કેવળ મજાક છે, સીધા દેખાય છે જયાં રસ્તા, નાજુક વળાંક છે - **ડો. જિજ્ઞા પટેલ**
- ‘જ્ઞાન’ એટલે ? શ્રદ્ધાની પ્રતીતિ ઉપર ઊભું રહે તે, શ્રદ્ધા તો ‘જ્ઞાન’નું પહેલું પગથિયું છે.
  શ્રદ્ધા નથી તો ‘જ્ઞાન’ નથી - **આપ્તસૂત્ર**
- પરમાત્માને પ્રેમ કરવાનો અર્થ છે, જીવન, બુદ્ધિ અને મનને ઈશ્વરમય બનાવવું - **એસ. ભટ્ટાચાર્ય**
- કાયમનું સુખ, એનું નામ જ મોક્ષ - **ડો. નીરુબહેન અમીન**
- બુદ્ધિએ ભેદ દેખાડ્યા અને દિવ્ય ચક્ષુ અભેદ દેખાડે - **ઓશો**
- સમજ કોને કહેવી ? જે જ્ઞાન જાણીએ ખરાં, પણ વર્તનમાં ના આવે,
  એ સમજ કહેવાય અને જે જ્ઞાનવર્તનમાં આવે, તે જ્ઞાન કહેવાય - **જ્ઞાનસૂત્ર**
- આજનું ઔષધ : જમ્યા પછી પેટમાં દુઃખે તો ઈન્દ્રજવનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લલીતનગરીના રાજા સારંગદેવના ચતુર અને જ્ઞાની મંત્રી સુખલાલ હતા. રાજા સારંગદેવ તેમની ચતુરાઈ અને ચેતનાથી થોડા ખફા રહેતા હતા. એકવાર મંત્રી સુખલાલ દરબારમાં ન હતા. સારંગદેવને કંઈક અગત્યની સલાહ જોઈતી હતી જે ન મળી. એટલે સારંગદેવે ક્રોધિત થઈને સુખલાલની ફાંસીનો હુકમ કરી દીધો. આવતીકાલે છ વાગે સુખાલાલને ફાંસી આપવી નક્કી. આ બાજુ એ દિવસે સુખલાલનો જન્મદિવસ હતો. અને સુખલાલે ઘરે મોટા જલ્સો રાખેલ હતો. સમારોહમાં સૌ સંગીત અને નૃત્યમાં તલ્લીન હતા. ત્યાં રાજાના સિપાઈએ સુખલાલને રાજાનો હુકમ વાંચી સંભળાવ્યો. મહેફીલમાં અચાનક ઉદાસી છવાઈ ગઈ. સુખલાલના સગા-સંબંધી મિત્રો રોવા લાગ્યા. પરંતુ મંત્રી સુખલાલનો આરામથી સંગીત અને નૃત્યમાં વ્યસ્ત હતા. સિપાઈએ એમને આનંદીત જોઈ ફરીથી રાજાનો હુકમ સંભળાવ્યો. ત્યારે સુખરામે કહ્યું, ‘રાજાને કહેજો મારી પાસે હવે જેટલા પણ કલાકો બાકી છે તેમાં આનંદ કરવાનો છું. મારા મોતને સમય નક્કી કરી આપવા બદલ હું તેમનો આભારી છું. હવે હું મારા મોત પહેલાં વધુમાં વધુ આનંદ કરી લેવા માંગુ છું.’ આવું કહી સુખરામ ફરી નાચવા લાગ્યા. સિપાઈએ રાજાને જઈ આ સમાચાર આપ્યા. સારંગદેવથી રહેવાયું નહીં એટલે તેઓ ખુદ સુખલાલના ઘરે પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો સુખલાલ ખુશીથી નાચી - ગાઈને આનંદીત હતા. રાજાએ પૂછ્યું, ‘મંત્રી સુખલાલ આવતીકાલે સવારે મોત છે. અને તમે આજે ઉત્સવ મનાવો છો?’ સુખલાલ બોલ્યા, ‘આપે મારા મૃત્યુનો સમય મને જણાવી ખૂબ મોટો ઉપકાર કર્યો છે. મૃત્યુનો ઉત્સવ મનાવવાનું મારા માટે આસાન થઈ ગયું. આપની આ કૃપા બદલ આપનો આભાર.’ આ સાંભળી સારંગદેવ બોલ્યા. ‘તમને મોતથી બીક નથી. તમે જરાયે વ્યથિત નથી તો તમને ફાંસી આપવી નકામી છે.’ આમ કહી રાજાએ ફાંસીનો હુકમ રદ કર્યો.

# હનુમાનજીને પણ છોડે તો એ રાજકારણી શાના

દેશ આઝાદ થયો ત્યારે તત્કાલીન વરિષ્ઠ નેતાઓને એક છૂપી દહેશત તો હતી જ. જયારે ત્યારે અહીં ધર્મ અને ઈશ્વરના નામે રાજકારણ રમાવાનું તે નક્કી. પાકિસ્તાન ધર્મના નામ પરનો તો હિંદુસ્તાનથી જુદું પડ્યું હતું. ભયંકર ખૂનરેજી અને ખાનાખરાબી થઈ હતી. ગાંધીજી જેવા સત્ય અને અહિંસાના પૂજારીને વેદવ્યાસની જેમ પોકારી પોકારીને કહેવું પડ્યું હતું કે મારી વાત સાંભળવાની કોઈની તૈયારી જ નથી; માટે હે ઈશ્વર, મને તું વેળાસર ઉપાડીલે.

ગાંધીજીના અનુયાયીઓ - પછી તે પંડિત જવાહરલાલ નહેરુ હોય કે સરદાર વલ્લભભાઈ પટેલ : બધા એક મુદ્દે સહમત હતા કે ધર્મને રાજકારણથી વેંત છેટો રાખીને ચાલવું પડશે. પરંતુ તે વખતે પણ પંડિત નહેરુ સામે લોકસભાની ચૂંટણી તો હિંદુ મહાસભાના ઉમેદવાર જ લડતા હતા. ધર્મનું રાજકારણ ધીમી છતાં મક્કમ ગતિએ આગળ ધપતું રહ્યું અને આજે ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજયના મુખ્યમંત્રી ગોરખપીટના ધર્માધ્યક્ષ યોગી આદિત્યનાથ છે. રામજન્મભૂમિના મુદ્દે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ સોમનાથથી રથયાત્રા કાઢી ત્યારે એમના જુદા જુદા સંદર્ભે ‘સારથિ’ તરીકે વર્તમાન વડાપ્રધાન જોડાયા હતા. ધર્મના રાજકારણની આ સિરિયલ ઘણી લાંબી ચાલી છે અને હવે કદાચ એનો અંતિમ એપિસોડ શરૂ થયો છે. ભારતીય જનતા પાર્ટી માટે હિંદુત્વનો એજન્ડા એ હુકમનો એક્કો છે, પરંતુ એનો ધ્વજ લઈને કોણ નીકળે એ મુદ્દે અવઢવ છે. યોગી આદિત્યનાથ આ વિશિષ્ટ સ્થાન માટે સૌથી વધારે યોગ્ય નેતા ગણાય, તેથી એમને ઉત્તરપ્રદેશનું સુકાન સોંપી પ્રજાજનોને પાર્ટીના ભાવી એજન્ડાનો સંકેત આપી દેવાયો છે. રામની ધનુષવાળી વિશાળ પ્રતિભા સરયૂ તટે સ્થાપવાનો સંકલ્પ ‘મંદિર વહીં બનાયેંગે’ નો વિકલ્પ ન બની શકે એવી સ્પષ્ટ ચીમકી હિંદુ સંત મહાત્માઓ આપી ચૂક્યા છે. બીજી તરફ દલિતો અને આદિવાસીઓનો મોટો મતદાર સમૂહ હાથમાંથી સરકી રહ્યાનો અહેસાસ થતાં જ ભાજપના હિંદુત્વવાદી નેતાઓ ચોંકી ઊઠ્યા છે. આથી યોગીજીએ રાજસ્થાનમાં ચૂંટણીના સ્ટાર પ્રચારકની ભૂમિકા ભજવતાં હનુમાનજીને ‘દલિત’ કહ્યા, કયાંક કોઈએ આદિવાસી પણ કહ્યા. હવે બાકી રહી જતું હતું ત્યાં ઉત્તરપ્રદેશના જ એક મુસ્લિમ નેતા કે જેઓ ભાજપ માટે અસ્કામત જેટલા જ જવાબદારી છે ! આશય ખોટો નથી, એમનું કહેવું એમ છે કે હનુમાનજી તો બધાને માન્ય હોય. અમારામાં જે રહેમાન, અરમાન, સલમાન જેવાં નામો છે તે હનુમાન - પરંપરાની જ પ્રોજક્ટ છે! સર્વ ધર્મ સમભાવની રૂએ ઉમદા અને લાલિત્યપૂર્ણ અર્થઘટન માટે આ મુસ્લિમ નેતાને અભિનંદન જ આપવા ઘટે. પરંતુ ભાજપ માટે એ નિવેદન શિરોવેદના સમું બની રહ્યું છે. મોરારિ બાપુ જેવા સંતોને અને ડૉ. કરણસિંહ જેવા પ્રબુદ્ધ નેતાઓને હિંદુ ધર્મનાં આવાં વિભૂતિ તત્ત્વોનો રાજકારણમાં ઘસડવા કે ઢસડવાની આ પ્રવૃત્તિ ગમતી ન હોય પણ બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે ?

**તંત્રીસ્થાનેથી...**

## શરાફત ઔર ઈમાનદારી કા સર્ટીફિકેટ યે દુનિયા સિર્ફ ઉન્હે દેતી હૈ જીનકે પાસ દૌલત હોતી હૈ

***શરાફત ઔર ઈમાનદારી કા સર્ટીફિકેટ યે દુનિયા સિર્ફ ઉન્હે દેતી હૈ જીનકે પાસ દૌલત હોતી હૈ***

***- આગ કા ગોલા***



ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

૧૯૯૦માં ડેવિડ ધવન દિગ્દર્શિત અને સની દેઓલ અભિનિત ‘આગ કા ગોલા’ બોક્સ ઓફિસ પર ઠીક ઠીક રહી હતી. ડેવિડ ધવન ત્યારે હજી ગોવિંદા સાથે ‘નંબર વન’ વાળી સિરીઝ નહોતા બનાવતા. ફિલ્મના વિલન પ્રેમ ચોપરાના મુખે આ સંવાદ બોલવામાં આવે છે. ફૈઝ સલીમ નામક સંવાદ લેખકે આ સંવાદ લખ્યો છે. દુનિયાની કટુ-વાસ્તવિકતા આપણને અહીં જોવા મળે છે.

ધન-દોલતની જ સમાજમાં બોલબાલા છે. ‘નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ.’ જેવી કહેવત એમ ને એમ થોડી બની ગઈ હશે ?

રખને માનતા કે આ અકાટ્ય સત્ય ૧૯૯૦માં ફૈઝ સલીમને સૂઝયું હતું, આ અચળ સત્ય તો ઈ.સ. પૂર્વે ૫મી કે ૬ઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયેલા ભર્તૃહરિ ‘નીતિશતક’માં કહી ચૂક્યા છે.

**યસ્યાસ્તિ વિત્તં સ નરઃ કુલિનઃ**
**સ પણ્ડિતઃ સ શ્રુતવાન્ ગુણજ્ઞઃ ।**
**સ એવ વક્તા સ ચ દર્શનીયઃ**
**સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે ॥**

- જેની પાસે પૈસો હોય છે, તે જ માણસ કુલીન ગણાય છે, પંડિત ગણાય છે, શાસ્ત્રજ્ઞ ગણાય છે, ગુણજ્ઞ વક્તા અને સુંદર ગણાય છે. સર્વ ગુણો સુવર્ણને આશ્રયે રહે છે.

વાત ૨૫૦૦ વર્ષ પહેલાની હોય, ૧૯૯૦ની હોય કે ૨૦૧૮ની હોય.... પૈસા વિશેની માણસની વૃત્તિમાં કોઈ ફરક પડ્યો નથી અને પડશે નહીં. સારામાં સારા કેરેક્ટર સર્ટીફિકેટ પૈસાથી બનાવી શકાય છે. કહે છે કે ‘લક્ષ્મી’ અને ‘સરસ્વતી’ સાથે નથી હોતા પરંતુ આ વાત પણ પાયાવિહોણી છે. કદાચ ‘સરસ્વતી’ સાથે ‘લક્ષ્મી’ નો મેળ ન પડતો હોય, પરંતુ ‘લક્ષ્મી’ સાથે તો ‘સરસ્વતી’ ના ખોટા સર્ટીફિકેટ વાળા પંડિતો એક શોધતા હજાર મળે તેવો ઘાટ આજે ઊભો થયો છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

## આજે પંદરમી ગુજરાતી કાર્યશાળા

વૃત્તસંચય

● ગુર્જરધરાની ગરવી અને વ્યક્તિત્વના ધબકતા પ્રાણસમી ગુજરાતી માતૃભાષાના સત્ત્વને જાણવા - માણવા અને નિખારવા તથા ગુજરાતીના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિ માટે કાર્યરત ‘માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન’ સંસ્થા દ્વારા યોજવામાં આવતી કાર્યશાળાઓ અંતર્ગત; પંદરમી કાર્યશાળા તા. ૨૨મી ડિસેમ્બરને શનિવારે બપોરે ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન્સ યુનિ.ના સભાખંડ, સેકટર-૨૦ ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યશાળામાં ગાંધીનગર સાહિત્ય સભાના સંવર્ધકસભ્ય અને ગઝલકાર કિશોરભાઈ જિકાદરાની સ્વરચિત ગઝલોનો કાર્યક્રમ રહેશે, જેમાં તેઓ સ્વની ગઝલોનું સ્વમુખે પઠન કરશે તથા ગઝલ સ્વરુપ અંગેની માહિતી પણ આપશે. આથી ગઝલોની સંવેદના અને ગહનતા માણવા પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા ‘વાર્તાવાચિકમ્, કાવ્યપઠન અને તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન’ નો એક કાર્યક્રમ તા. ૧૬મી ડિસેમ્બરને રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડ ખાતે યોજાઈ ગયો. આ સાહિત્યિક કાર્યક્રમની શરુઆતમાં સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા સર્વેને સ્નેહભીના શબ્દોથી સત્કારવામાં આવ્યા અને સંસ્થાના પ્રમુખ ડૉ. મોહન પરમાર દ્વારા વક્તાઓ, વાર્તાકાર દશરથ પરમાર, અને કવિ ડૉ. ભીખુભાઈ વેગડાનો પરિચય આપવામાં આવ્યો. ત્યારબાદ વાર્તાકાર દશરથ પરમારે તેઓની વાર્તાઓ (૧) બંધારણ સભા - એક અહેવાલ કથા તથા (૨) ચોકીદારનું વાંચન કર્યું. ત્યારબાદ કવિ ડૉ. ભીખુભાઈ વેગડાએ તેમની સ્વરચિત ગઝલો અને કાવ્યો (૧) આવીશ હું (૨) અસ્પૃશ્યતા (૩) આટલું ય સમજાય નહીં (૪) શિક્ષિત બન (૫) સંગઠિત થા (૬) સંઘર્ષ કર (૭) બુદ્ધનો ઉપદેશનું સ્વમુખે પઠન કર્યું ત્યારબાદ આ રજૂ થયેલ રચનાઓ અન્વયે હાજર કવિઓ / વાર્તાકારો દ્વારા વિચાર વિમર્શ કરી, સમીક્ષા અને વિવેચન કરવામાં આવ્યું તથા તૃટિઓ અન્વયે ધ્યાન દોરી, કૃતિઓની ઉત્તમ કાર્યક્રમનું સંચાલન મૂળજીભાઈ દધિ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આભારવિધિ કનુભાઈ અસામલીકર દ્વારા કરવામાં આવી. આ સાહિત્યિક કાર્યક્રમમાં ડૉ. મોહન પરમાર, દલપત ચૌહાણ, રામભી સોલંકી, પ્રા. યશવંત વાઘેલા, નટુભાઈ પરમાર, જેસીંગભાઈ ડાહ્યાભાઈ, મગનભાઈ લાલાભાઈ મકવાણા, મહેબૂબ અ. સૈયદ, બાબુબાઈ નાયક, હરગોવિંદ મકવાણા વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ - ગદ્યવિશ્વ અંતર્ગત તા. ૧૭મી ડિસેમ્બર - ૨૦૧૮ના રોજ એક કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી અને વાર્તાકાર કલ્પેશ પટેલની વાર્તા ‘બૂંદી અને ગાંઠિયા’ તથા વાર્તાકાર શ્રીરામ સોલંકીની વાર્તા ‘મુક્તિ’નું પઠન અને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

- muljibhaidadhi@gmail.com

# વંચિતોના વાલેશ્રી ઠક્કરબાપા : સાર્ધ શતાબ્દી વંદના



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ભાવનગરની ધરતી એ ‘‘બહુરત્ના વસુંધરા’’ છે. શિક્ષણ – સંગીત કે મુકિત સંગ્રામના તમામ ક્ષેત્રોમાં ભાવનગરના સપુતોએ ઐતિહાસિક યોગદાન આપેલું છે. આજે પણ ગુજરાત જેમની ‘શતાબ્દી વંદના’ કરી રહ્યું છે તેવા પ્રાધ્યાપક તખ્તસિંહજી પરમાર શિક્ષણ કાર્યને નૂતન ગરીમા આપીને સદેહે આપણી વચ્ચે બેઠા છે. આ ધરતીનાજ એક સંતાનની સાર્ધ શતાબ્દી (૧૫૦મી જન્મજયંતિ) ઉજવવાનો આ અવસર છે. ભારતના લોકો તેમને ઠક્કરબાપાના નામથી ઓળખે છે. ગાંધીજીએ ઠક્કરબાપા માટે કહેલા શબ્દો ફરી આ પ્રસંગે યાદ કરવા ગમે તેવા છે. બાપુએ લખ્યું હતું :

‘‘ઠક્કરબાપા એક વિરલ લોકસેવક છે. તેમનામાં અભિમાન કે આડંબરનો છાંટો નથી. તેમને સ્તુતિ જોઈતી નથી. તેમનું કામ એજ તેમનો સંતોષ છે. મોટી ઉમ્મરે પણ તેમનો ઉત્સાહ મોળો પડ્યો નથી. પોતાના જીવનકાર્ય પાછળ શકિત ખરચવામાં તેઓ આસપાસના જુવાનોને પણ શરમાવે છે.’’ ૧૮૬૯ માં જેમનો જન્મ થયો હતો તેવા અમૃતલાલ ઠક્કરને ગાંધીજી સહિત સૌ લોકો ઠક્કરબાપા તરીકે ઓળખે છે. બાપા જેવો આદર ભાગ્યેજ કોઈ જાહેર સેવકને મળ્યો હશે. ગુજરાત ગાંધીજી ઉપરાંત પોતાના બે તેજસ્વી તારકો ઉપર ગૌરવ અનુભવી શકે છે. આ બન્ને પુણ્યશ્લોક લોકો એટલે ઠક્કરબાપા અને રવિશંકર મહારાજ. બાપા અને રાજ વિનાના મહારાજે જીવનભર દૂભ્યા – દબાયેલા લોકોના ઉત્થાન માટે સતત કામ કર્યું. સમાજ જેમના તરફ ઉપેક્ષા કે અવગણનાનો ભાવ સેવતો હતો તેવા લોકોના સદ્‌ગુણોને સંકોરીને તેમને જગત સામે જુદા સ્વરૂપે મૂકયા હતા. મહાત્મા ગાંધીની એક મોટી ચિંતા પણ સમગ્ર સમાજ વ્યવસ્થામાં એકજ ધરતીના બે ભિન્ન વર્ગ વચ્ચે જોવા મળતી તીરાડને કારણે હતી. ઠક્કરબાપા કે રવિશંકર મહારાજે છેવાડાના આવા ઉપેક્ષિત કે શોષિત વર્ગની સેવામાં પોતાનું જીવતર ગાળ્યું હતું. મેઘાણીએ પણ બાપુની આ ચિંતાને પોતાના શબ્દોમાં રજૂ કરી હતી.

ભેદની ભીંત્યુંને આજ
મારે ભાંગવી,
મનડાની આખરી ઉમેદ.

ઠક્કરબાપાનો જન્મ એક સાધારણ કુટુંબમાં થયો હતો. જોકે ઠક્કરબાપાને પોતાના પિતા વિઠ્ઠલદાસ ઠક્કરનો કાળજી વાળો સ્વભાવ વારસામાં મળ્યો હતો. આજે જયારે બાળકોમાં ઘરકામ કરવા સામેની સૂગ ઘણાં કુટુંબોમાં દેખાય છે ત્યારે બાપાને નાનામાં નાનું કામ ખંત તેમજ કાળજીથી કરવાનો ગુણ વારસામાં મળ્યો હતો. તે સમયમાં મેટ્રિકની પરીક્ષા એ મહત્વનો મુકામ ગણાતો હતો. બાપાએ મેટ્રિક સુધીનો અભ્યાસ ભાવનગરમાંજ પૂરો કર્યો. એ સમયમાં મેટ્રિક થયેલા વ્યકિત માટે નોકરી મેળવવી સહેલી હતી. પિતાની આર્થિક સ્થિતિ પણ સાધારણ હતી. આમ છતાં મક્કમ મનના પિતાએ આર્થિક સંકડામણ ભોગવીને પણ ભણવામાં હોંશિયાર એવા પુત્રને પૂનાની એન્જિનિયરીંગ કોલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે મોકલી આપ્યો. પિતાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પુત્રે પણ સંપૂર્ણ કરકસરથી અભ્યાસ પૂરો કર્યો. જોકે પુત્રના અભ્યાસ માટે માતાએ જે થોડા ઘણાં દાગીના હતા તે પણ વેચી દીધા હતા તે વાત બાપાના મનમાં હમેશા રહી હતી.

આફ્રિકામાં કેટલાક વર્ષો સુધી કાર્ય કરીને ઠક્કરબાપા મુંબઈ શહેર સુધરાઈની નોકરીમાં જોડાયા. મુંબઈ શહેરનો તમામ કચરો ભેગો કરીને એક વિશાળ વિસ્તારમાં ઠાલવવાનું કાર્ય તેમની દેખરેખ નીચે થતું હતું. આ નોકરી એ કદાચ ઠક્કરબાપાના વિચાર તેમજ જીવન પરિવતર્ન માટે નિમિત્ત બની. શહેરનો કચરો એકઠો કરીને શહેરને સ્વચ્છ રાખનાર લોકોના જીવનને નજરો નજર જોઈને ઠક્કરબાપાએ ઊંડી વ્યથા અનુભવી. આવું કાર્ય કરનાર એક મોટા વર્ગ તરફ સમાજનો ઉપેક્ષિત તથા અનેક પ્રસંગોએ તિરસ્કારયુક્ત ભાવ જોઈને બાપાને પોતાનું જાણે કે જીવનકાર્ય મળી ગયું હતું. અશકત વૃધ્ધ તથા મૃત્યુને આધિન માનવજીવન જોઈને રાજકુમાર ગૌતમે સંસારત્યાગ કર્યો હતો. આજ રીતે બાપાએ પીડિતો દલિતોની સેવા માટે જરૂર હોવા છતાં આર્થિક ઉપાર્જનનો સઘળો લોભ કુરબાન કર્યો હતો. એમને લાગ્યું કે સમાજના આ દુબળા લોકોનું કામ કરવું હશે તો તે માટે ભેખ લેવો જરૂરી છે. બાપાએ આ સંદર્ભમાં કરેલી વિશેષ સ્પષ્ટતા તેમના શબ્દોમાં સમજીએ તો વિશેષ સ્પષ્ટ થાય છે. તેઓએ પોતાના કુટુંબ પરના પત્રમાં જાન્યુઆરી-૧૯૧૪ માં આ વિશે લખ્યું હતું. નોકરી છોડ્યાનું કારણ પણ તેમણે પોતાના આ ઐતિહાસિક પત્રમાં સ્પષ્ટ કર્યું હતું. બાપાએ લખેલું :

‘‘...હું ખાતરી પૂર્વક માનતો થયો છું કે હિન્દુસ્તાનને સમગ્ર જીવન અર્પણ કરી દેનારા સેવકોની જરૂર છે, નહિ કે પોતાની ફુરસદે અને સગવડે કામ કરનારાઓની. આજીવન કાર્યકર્તાઓ હિન્દુસ્તાનને ન સાંપડે ત્યાં સુધી આપણી પ્રગતિ થઈ શકશે નહિ. સાચા કાર્યો કરનારા માટે પૈસાના તો ઢગલા પડ્યા છે. ગોખલેજી (ગોપાલકૃષ્ણ ગોખલે) જેવાના ચરણોમાં લાખો રૂપિયાના ઢગલા થાય છે. પણ સાચા કામ કરનારા તેમને મળતા નથી. આથી ઉમદા સેવા કાર્ય માટે તમને સૌને (કુટુંબના સભ્યોને) ત્યજીને હું જાઉં છું.’’

કોઈ ઉમદા સન્યાસીને શોભે તેવા ઊંચા ભાવ તથા મક્કમ નિર્ધાર સાથે એકજ ઝાટકે પોતાની સમગ્ર માયાને ખંખેરી નાખનાર અમૃતલાલને સમગ્ર હિન્દુસ્તાન બાપા તરીકે ઓળખે અને આદર કરે તે આ હકીકત જોતાં સ્વાભાવિક તથા સહજ લાગે છે. ભગવા ધારણ કર્યા સિવાયના આવા ભેખધારીઓએ માનવસમાજનું મોટું કલ્યાણ કરેલું છે. સેવાના આવા શિખર સમાન વીરલાઓને કોઈ પ્રકારના બાહ્ય યુનિફોર્મની જરૂર ક્યાં રહેલી હોય છે ? ગાંધી – આંબેડકર કે રવિશંકર મહારાજે ક્યાં ભગવા પહેરેલા હતા ? છતાં પણ આવા તેજલીસોટા સમાન જીવન જીવનારા લોકો થકી સમાજ ધન્ય થયો છે. કેટલાયે દુખિયાંરાને આંસુ લૂછવાનું કામ આ મહામાનવોએ નિષ્ઠાથી કરેલું છે. તેમાંના કેટલાકને તો જગત તેમની હયાતી દરમિયાન ઓળખી પણ શક્યું નથી તે વાસ્તવિકતા આપણી નજર સામે છે. આવાજ એક મહામાનવ ઠક્કરબાપાની સાર્ધ શતાબ્દીએ તેમની વંદના કરવાનો તથા તેમને યથાશકિત અનુસરવાનો આ સમય છે. ઠક્કરબાપાએ જે સેવા તથા સંસ્કારના બીજ રોપ્યા છે તે નામશેષ થાય તેવા નથી.

# ગાંધીજીની સફળતા સરદાર પટેલને આભારી



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

**સરદારની કીર્તિ માત્ર સફળતા જ નહીં નૈતિકતાના પાયા પર ઊભી છે**

માણસ પારખવાનો સરદાર પટેલનો ગુણ અનેરો હતો. સરદારની ‘પારખુ’ શક્તિ તેમને દેશના વહિવટ અને સંગઠન બંને બાબતમાં આગવા બનાવતી હતી. સાથીઓની નબળાઈ તેઓ જાણી જતા હતા પરંતુ કયારેક તે સામે વાળાને જાણ થવા દેતા નહીં. ઘણીવાર તો દેશના જુદા જુદા રાજયોના નેતા કરતા પણ સરદારને એમના પ્રદેશની અત્યંત ખાનગી વાત ખબર હોય એવી સ્થિતિ બનતી હતી.

આવો એક પ્રસંગ નારાયણ દેસાઈએ નોંધ્યો છે. તેમના શ્વસુર નવકૃષ્ણ ચૌધરી ઓરિસ્સાના મુખ્યમંત્રી હતા ત્યારે એકવાર સરદાર સાહેબે કૌટુંબિક વાતોની વ્યચે સીધું જ પૂછી નાંખ્યું, ‘તારા સસરા તો ચીફ મિનિસ્ટર છે ને? એમને પૂછજે ને કે પેલી દારૂ પિનારી બાઈને કયાં સુધી કેબિનેટમાં રાખવી છે?’

નારાયણ ભાઈ લખે છે આ માહિતી ખુદ તેમના સસરા નવબાબુએ મુખ્યમંત્રી હોવા છતાં ન હતી. એમને જયારે તપાસ કરાવી ત્યારે આ હકીકત ખરી નીકળી હતી. આવા તો અનેક પ્રસંગો સરદાર સાહેબને સરદાર બનાવતો હતો.

સરદારને દેશના સેંકડો રજવાડાંને એક કરનાર તરીકે હંમેશા યાદ કરવામાં આવે છે, આ કામ પાછળ તેમની મુત્સદીગીરી અને કુનેહ તો હતી જ. પણ બે પાસા સિવાય એમની કુશળતા રચનાત્મક દૃષ્ટિ તરફ બહુ ઓછું ધ્યાન અપાયું છે. સરદારે સમાજ ઉપયોગી તત્ત્વોને જાળવી રાખવાનું કશું જ કહ્યા વગર સમાજને શીખવ્યું હતું. તેમને રજવાંડાઓની રચનાત્મક શક્તિનું સંયોજન દેશના નવનિર્માણ સાથે જોડી દીધું હતું. દેશના રાજા રજવાડાંઓની વાત આવે ત્યારે ગુજરાત - સૌરાષ્ટ્રના રાજા રજવાડાંની વાત સાવ જુદી બડે છે. અનેક રજવાડાંઓ પ્રજા વત્સલ રાજવી તરીકેના પ્રિય હતા. આની સામે રજવાડાંની વિલિનીકરણની વાત વિચારવી પણ અઘરી હતી. પણ સરદારે આ તમામ રાજાઓના પૂરા આદર સત્કાર સાથે દેશી રાજયોનું વિલીનીકરણ કરાવવામાં સફળતા મેળવી હતી એની પાછળનું એક મહત્ત્વનું કારણ આ રાજા-મહારાજાઓ પ્રત્યે તેમના દિલમાં આદર સત્કાર અને સન્માન પણ હતું તે કારણે જ દેશી રાજયો ભારતીય સંઘમાં સહેલાઈથી ભળ્યા હતા.

સરદારમાં રચનાત્મક સંગઠનનો ખાસ્સો અનુભવ હતો. અમદાવાદની નગર પાલિકા હોય કે વડોદરાના રેલ સંકટમાં હોય કે બિહારનો ભૂકંપ હોય કે બારડોલીનો સત્યાગ્રહ, ગૂજરાત વિદ્યાપીઠમાં હોય કે નવજીવનમાં હોય તમામ ક્ષેત્રોમાં સરદારની રચનાત્મક દૃષ્ટિ દેખાઈ આવતી હતી. આ દૃષ્ટિ કાર્યકર્તાઓને સાચવી લેવા સાથે પણ જોડાયેલી હતી. કાર્યકરતાના પ્રશ્નોમાં તેઓ અંગત રસ લઈને એમને સાચવી લેવાનું કાળજી તેઓ રાખતા હતા. સંસ્થાના હીતને જરાય આંચ ન આવે તે રીતે અને કાર્યકર્તા ગુમાવાય નહીં એ મુજબ તેઓ મુશ્કેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢતા હતા. સંસ્થા અને કાર્યકર્તા બંનેમાંથી કોઈનું અહિત ન થાય ને છતાં ઉકેલ કાઢવાની આવડત સરદારના વહીવટનું એક ઉજજ્વળ પાસુ છે. આવા બહુ ઓછા વહીવટકર્તાઓ હોય, સરદાર એ પૈકીના એક હતા.

ઉત્તમ વહીવટદાર તરીકેનો અનુભવ કાર્યકર તરીકે નારાયણ દેસાઈને પણ થયેલો છે. નારાયણભાઈ અને મોહન પરીખ બંને મહાદેવ દેસાઈ ટ્રસ્ટના કાર્યકર્તા તરીકે એક વર્ષના અજમાયશી સમયગાળા પર કામ કરતા હતા. આ સમય દરમિયાન ટ્રસ્ટના કેટલાક નિયમો તેમને મંજૂર ન હતા. આ અંગે તેમને ટ્રસ્ટીઓને જાણ કરી હતી. સરદારના પ્રમુખ પદે ટ્રસ્ટીઓની બેઠક મળી હતી. જેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા થઈ. જે કાર્યકર્તાઓએ નિયમોની સામે નારાજગી વ્યક્ત કરી હતી. તે બંને સરદારના પ્રિય સાથીઓ મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખના દીકરાઓ હતા. ઘરના છોકરાંઓએ ઊભા કરેલા પ્રશ્નો હતા. તેમ છતાં સરદારે જ ટ્રસ્ટમાં આખરી ફેંસલો આપ્યો, ‘આપણા દીકરા છે માટે ટ્રસ્ટના નિયમમાં અપવાદ ન થઈ શકે. એમને સ્થાયી કાર્યકર્તા ન બનાવી શકાય.’ સરદાર આવા હતા.

એક તરફ નારાયણભાઈને પુત્રવત પ્રેમ મળે પણ બીજી તરફ એ નિયમોમાં બાંધછોડ કરીને સંતાનને લાભ આપવાનું ના કરી શકે. પરંતુ સરદાર કામ એવું કરે કે બીજી રીતે કાર્યકર સચવાય જાય. સરદારે મહાદેવ ટ્રસ્ટમાં નારાયણ દેસાઈ અને મોહન પરીખને સ્થાયી કાર્યકર્તા ન બનાવ્યા પણ એમના જીવન નિર્વાહની બીજી વૈકલ્પિક વ્યવસ્થા સરદારે કરી દીધી હતી.

નારાયણ દેસાઈ ‘સરદાર વલ્લભભાઈ પટેલ’ વિશે લખે છે : ‘કોઈ પણ દેશની આઝાદીની લડાઈ લડવા સારું અને તેમાં જીત્યા બાદ એ આઝાદીને એકતા અને આબાદીમાં ફેરવવા સારું કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતા પાછળ એક મોટું કારણ એ હતું કે એમને આવી ફોજ તૈયાર કરી શકે એવા સરદાર મળી ગયા હતા. આઝાદીની લડાઈ અને એના ઘડતર પાછળ સરદારનો ફાળો સમજાય છે એના કરતા ભવિષ્યમાં વધુ સમજાશે. કારણ એમની કીર્તિ માત્ર સફળતાના નહિ પણ નૈતિકતાના પાયા પર ખડી હતી.’